# ગુજરાત વિધાનસભા સચિવાલય

## પંદરમી ગુજરાત વિધાનસભા

## આઠમું સત્ર

## તારાંકિત પ્રશ્નોત્તરી

## ગુરુવાર, ૧૯ ફેબ્રુઆરી, ૨૦૨૬

----

| | |
|---|---|
| જવાબ આપનાર માનનીય મંત્રીશ્રીઓ | [શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ - નાણા - ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ - સામાજિક ન્યાય અને અધિકારિતા - અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતો - પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ ]. |

કુલ પ્રશ્નો 59

----

### પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) ૨.૦ અંતર્ગત મંજૂર પ્રોજેક્ટ

15/8/250 *1 **શ્રી જીતેન્દ્રકુમાર રમણલાલ પટેલ (નારણપુરા):**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ :-**

માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ વર્ષ ૨૦૨૫-૨૬ દરમ્યાન પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) ૨.૦ અંતર્ગત અમદાવાદ શહેરમાં કોઈ પ્રોજેક્ટ મંજૂર થયેલ છે, અને

(૨) જો હા, તો કુલ કેટલા આવાસના અને કેટલી રકમના પ્રોજેક્ટો મંજૂર થયેલ છે?

----

### ઉમરગામ તાલુકાની પ્રાથમિક શાળાઓનું મહેકમ

15/8/314 *2 **શ્રી રમણલાલ નાનુભાઇ પાટકર (ઉમરગામ ):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે

કે:-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ ઉમરગામ તાલુકામાં કેટલી પ્રાથમિક શાળાઓ આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત શાળાઓમાં કુલ મંજૂર મહેકમ કેટલું છે, તેમાંથી કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી ખાલી છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ભરવા માટે સરકારનું શું આયોજન છે?

----

**સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી સડક યોજના હેઠળ ભરૂચ નગરપાલિકામાં મંજૂર રોડ**

15/8/254 *3 **શ્રી રમેશભાઇ નારણદાસ મિસ્ત્રી (ભરૂચ):**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ :-**

માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી સડક યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ અને ૨૦૨૫-૨૬માં ભરૂચ નગરપાલિકામાં રોડના કેટલા કામ મંજૂર કરવામાં આવ્યા છે,

(૨) ઉક્ત મંજૂર થયેલ કામ ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે, અને

(૩) ઉક્ત મંજૂર થયેલ કામ અંતર્ગત કુલ કેટલી રકમની ફાળવણી કરવામાં આવેલ છે અને કેટલો ખર્ચ થયેલ છે?

----

**અમદાવાદ જિલ્લામાં ખેત વીજ જોડાણ ધરાવતા ગ્રાહકો પાસેથી વીજ કર લેવા બાબતે**

15/8/193 *4 **શ્રી હાર્દિક ભરતભાઇ પટેલ (વિરમગામ):**

**નાણા :-**

માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં ખેત વીજ જોડાણ ધરાવતા ગ્રાહકો પાસેથી કેટલા દરે વીજ કર લેવામાં આવે છે, અને

(૨) આ વીજ કર દરમાં રાહત આપવામાં આવે છે કે કેમ?

----

**છોટાઉદેપુર જિલ્લામાં પ્રાથમિક શાળાના નવીન ઓરડાઓ**

15/8/234 *5 **શ્રી અભેસિંહ મોતીભાઇ તડવી (સંખેડા):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં પ્રાથમિક શાળાના નવીન ઓરડાઓ કેટલી રકમના કેટલા મંજૂર કરવામાં આવ્યા, અને

(૨) ઉક્ત મંજૂર ઓરડાઓ પૈકી કેટલા ઓરડાઓનું બાંધકામ ઉક્ત સ્થિતિએ પૂર્ણ થયેલ છે ?

----

**રાજ્યમાં રહેણાંક વીજ ગ્રાહકો પાસેથી વીજકર લેવા બાબત**

15/8/198 *6 **કૌશિકભાઇ સુખલાલ જૈન (દરીયાપુર)ઃ**

**નાણા :-**

માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ રાજ્યમાં રહેણાંક વીજ ગ્રાહકો પાસેથી કેટલા દરે વીજ કર લેવામાં આવે છે, અને

(૨) આ વીજકર દરમાં રાહત આપવામાં આવે છે કે કેમ?

----

**મહેસાણા જિલ્લામાં કુંવરબાઈનું મામેરું યોજના**

15/8/476 *7 **શ્રી રાજેન્દ્રકુમાર દાનેશ્વર ચાવડા (કડી)ઃ**

**સામાજિક ન્યાય અને અધિકારિતા :-**

માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ મહેસાણા જિલ્લામાં વિકસતી જાતિની કુલ કેટલી કન્યાઓને લાભ આપવામાં આવેલ છે, અને

(૨) તે પેટે ઉક્ત જિલ્લામાં કુલ કેટલી નાણાકીય સહાય ચૂકવવામાં આવી?

----

**સ્માર્ટસીટી મીશન અંતર્ગત પસંદગી પામેલ રાજ્યના શહેરો**

15/8/414 *8 **શ્રી અમિત ચાવડા (આંકલાવ)ઃ**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ :-**

માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતના કયા કયા શહેરોની સ્માર્ટસીટી મીશન અંતર્ગત પસંદગી થયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કયા કયા શહેરોમાં સ્માર્ટસીટી મીશનના ધોરણો મુજબના શહેરવાર કેટલા કામોની કામગીરી પૂર્ણ કરવામાં આવી અને કેટલી કામગીરી કરવાની બાકી છે,અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત શહેરદીઠ કેટલી રકમ ખર્ચ કરવામાં આવી અને તેમાં કેન્દ્ર અને રાજ્ય સરકારનો હિસ્સો કેટલો છે?

----

## ભાવનગર જિલ્લામાં કુંવરબાઈનું મામેરું યોજના

15/8/475 *9 **શ્રી ગૌતમભાઇ ગોપાભાઇ ચૌહાણ (તળાજા):**

**સામાજિક ન્યાય અને અધિકારિતા :-**

માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ ભાવનગર જિલ્લામાં વિકસતી જાતિની કુલ કેટલી કન્યાઓને લાભ આપવામાં આવેલ છે, અને

(૨) તે પેટે ઉક્ત જિલ્લામાં કુલ કેટલી નાણાકીય સહાય ચૂકવવામાં આવી?

----

## જૂનાગઢ શહેર ટાઉન પ્લાનિંગ સ્કીમ 9-સુખપુર અને 7-ઝાંઝરડામાં જમીન માલિકોને વળતર

15/8/220 *10 **શ્રી ગોપાલભાઈ ગોરધનભાઈ ઇટાલીયા (વિસાવદર):**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ :-**

માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ જુનાગઢ શહેરમાં ટાઉન પ્લાનિંગ સ્કીમ ૯-સુખપુર અને ૭-ઝાંઝરડામાં જાહેર હેતુ માટે કપાત તરીકે મેળવેલ જમીનનું જમીનના માલિકોને વળતર ચૂકવેલ છે કે કેમ,

(૨) જો હા, તો કેટલું વળતર ચૂકવ્યું, અને

(૩) વળતર ચૂકવાયેલ ન હોય તો તેના મુખ્ય કારણો શા છે?

----

## નવસારી જિલ્લામાં વન નેશન વન રેશનકાર્ડ યોજના

15/8/86 *11 **શ્રી રાકેશ ગુણવંતભાઇ દેસાઇ (નવસારી ):**

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતો :-**
માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતોના મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

તા. ૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩ હેઠળ ONORC (વન નેશન વન રેશનકાર્ડ) યોજનામાં નવસારી જિલ્લામાં કેટલા લાભાર્થીઓએ લાભ મેળવેલ છે?

----

## રાજ્યમાંથી પ્રોફેશનલ ટેક્ષ નાબુદ કરવા બાબત

15/8/419 *12 **શ્રી દિનેશભાઇ આતાજી ઠાકોર (ચાણસ્મા):**

**નાણા :-**
માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાંથી પ્રોફેશનલ ટેક્ષ નાબુદ કરવા કેટલી રજૂઆત મળી, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત રજૂઆતો અન્વયે શી કાર્યવાહી કરી?

----

## નખત્રાણા નગરપાલિકાનું મંજૂર મહેકમ

15/8/13 *13 **શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા):**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ :-**
માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ નખત્રાણા નગરપાલિકાનું મંજૂર મહેકમ કેટલુ છે, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી જગ્યાઓ ભરવામાં આવેલ છે?

----

## પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) ૨.૦ અંતર્ગત બેનિફિસિયરી લેડ કન્સ્ટ્રક્શન ઘટકમાં આવાસો મંજૂર

15/8/252 *14 **શ્રી કેયુર નારાયણદાસ રોકડિયા (સયાજીગંજ):**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ :-**
માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ વર્ષ ૨૦૨૫-૨૬ દરમ્યાન પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) ૨.૦ અંતર્ગત રાજકોટ અને વડોદરા ઝોનની નગરપાલિકાઓમાં બેનિફિસિયરી લેડ કન્સ્ટ્રક્શન ઘટક હેઠળ કેટલા આવાસો મંજૂર કરાવવામાં આવેલ છે, અને

(૨) તે પૈકી વડોદરા ઝોનમાં નગરપાલિકાવાર કેટલા આવાસો મંજૂર થયેલ છે?

----

**વેરાવળ ખાતે ઘન કચરાના નિકાલ માટે પ્રોસેસિંગ પ્લાન્ટ**

15/8/355 *15 **શ્રી વિમલભાઇ કાનાભાઇ ચુડાસમા (સોમનાથ):**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ :-**

માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ ખાતે ઘન કચરાના નિકાલ માટે પ્રોસેસિંગ પ્લાન્ટ બનાવવાની કાર્યવાહી કયા તબક્કે છે, અને

(૨) ઉક્ત કાર્યવાહી ક્યારે પૂર્ણ કરવામાં આવશે?

----

**અનુસૂચિત જાતિ પરના અત્યાચારના બનાવોના મોનીટરીંગ માટે નાગરિક એકમ**

15/8/326 *16 **શ્રી જિગ્નેશ મેવાણી (વડગામ):**

**સામાજિક ન્યાય અને અધિકારિતા :-**

માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ રાજ્યમાં નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાની કચેરી હેઠળ અનુસૂચિત જાતિ પરના અત્યાચારના બનાવોના મોનીટરીંગ માટે નાગરિક એકમ બનાવવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત એકમનું સંવર્ગવાર મંજૂર મહેકમ કેટલું છે,

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૪) ઉક્ત ખાલી જગ્યાઓ ભરવા શી કાર્યવાહી કરવામાં આવી?

----

**નર્મદા અને દાહોદ જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ**

15/8/23 *17 **શ્રી ચૈતરભાઇ દામજીભાઇ વસાવા (દેડીયાપાડા):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ નર્મદા અને દાહોદ જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં કેટલા શિક્ષકોની ઘટ છે,

(૨) ઉક્ત સ્થિતિએ આ જગ્યાઓ ખાલી રહેવાના શા કારણો છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ સામે ઉક્ત સ્થિતિએ કયા પ્રકારની વૈકલ્પિક વ્યવસ્થાઓ કરવામાં આવેલ છે?

----

## મહેસાણા જિલ્લામાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ અનાજનું વિતરણ

15/8/88 *18 **શ્રી સરદારભાઇ શામળભાઇ ચૌધરી (ખેરાલુ):**

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતો :-**

માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતોના મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ મહેસાણા જિલ્લામાં અનાજના કેટલા જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, અને

(૨) કયા પ્રમાણ-ભાવથી વિતરણ કરવામાં આવ્યું?

----

## નડિયાદ નગરપાલિકા હસ્તકના રેલવે ઓવરબ્રીજ/અંડરપાસની કામગીરી

15/8/258 *19 **શ્રી કલ્પેશભાઇ આશાભાઇ પરમાર (માતર):**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ :-**

માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ નડિયાદ નગરપાલિકા હસ્તકના રેલવે લેવલ ક્રોસીંગના સ્થળે રેલવે ઓવરબ્રીજ/અંડરપાસની કામગીરી મંજૂર કરવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો આ કામગીરી ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે,

(૩) આ કામગીરી પાછળ કેટલો ખર્ચ થનાર છે, અને

(૪) આ કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

----

## તાપી જિલ્લાની વ્યારા નગરપાલિકા ગ્રાન્ટના દુરુપયોગની ફરિયાદો

15/8/178 *20 **ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રહ્મા):**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ :-**

૧૫મી ગુજરાત વિધાનસભાના સાતમા સત્રમાં તા.૦૮-૦૯-૨૦૨૫ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૧૫/૭/૪૨૪(અગ્રતાઃ ૧૫૨)ના અનુસંધાને માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તાપી જિલ્લાની વ્યારા નગરપાલિકામાં સરકારી ગ્રાન્ટના દુરુપયોગ અંગેની ફરિયાદોની તપાસ તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ કયા તબક્કે છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ જવાબદારો સામે સરકાર દ્વારા છેલ્લા છ માસમાં શા પગલાં લેવામાં આવ્યા?

----

## અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તકના પ્લોટોની હરાજી

15/8/54 *21 **શ્રી અમૃતજી મોતીજી ઠાકોર (કાંકરેજ):**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ :-**

માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કોર્પોરેશન હસ્તકના કેટલા પ્લોટની હરાજી માટે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની મંજૂરીઓ લેવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ વિભાગ દ્વારા કેટલા પ્લોટની હરાજી માટે મંજૂરી આપવામાં આવી, અને

(૩) ઉક્ત મંજૂર પ્લોટોની હરાજીથી સરકારને કેટલી આવક થઈ?

----

## પંચમહાલ જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં નવા ઓરડાઓની માંગણી

15/8/40 *22 **શ્રી જેઠાભાઇ આહીર(ભરવાડ) (શહેરા):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર કેટલી પ્રાથમિક શાળાઓમાં નવા ઓરડાઓની કેટલી માંગણી આવી,

(૨) તે પૈકી કેટલા ઓરડા મંજૂર કર્યા,

(૩) ઉક્ત મંજૂર કરેલા ઓરડાઓ પૈકી કેટલા ઓરડાઓનું કામ પૂર્ણ થયું અને કેટલાનું બાકી છે, અને

(૪) ઉક્ત કામ બાકી રહેવાના શા કારણો છે?

----

## જામનગર જિલ્લામાં કુંવરબાઈનું મામેરું યોજના

15/8/477 *23 **શ્રી મેઘજીભાઇ અમરાભાઇ ચાવડા (કાલાવડ):**

**સામાજિક ન્યાય અને અધિકારિતા :-**

માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ જામનગર જિલ્લામાં વિકસતી જાતિની કુલ કેટલી કન્યાઓને લાભ આપવામાં આવેલ છે, અને

(૨) તે પેટે ઉક્ત જિલ્લામાં કુલ કેટલી નાણાકીય સહાય ચૂકવવામાં આવી?

----

## છોટાઉદેપુર નગરપાલિકા વિસ્તારમાં રિવરફ્રંટની કામગીરી

15/8/152 *24 **શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર):**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ :-**

માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છોટાઉદેપુર નગરપાલિકા વિસ્તારમાં રિવરફ્રંટની કામગીરી રાજ્ય સરકાર દ્વારા મંજૂર કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે,
(૨) જો હા, તો તેના માટે કેટલી રકમ મંજૂર કરેલ છે, અને
(૩) ઉકત સ્થિતિએ આ કામગીરી કયા તબક્કે છે ?

----

## સુરત જિલ્લામાં કુંવરબાઈનું મામેરું યોજના

15/8/426 *25 **શ્રી સંદીપ દેસાઈ (ચોર્યાસી):**

**સામાજિક ન્યાય અને અધિકારિતા :-**

માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ સુરત જિલ્લામાં વિકસતી જાતિની કુલ કેટલી કન્યાઓને લાભ આપવામાં આવેલ છે, અને

(૨) તે પેટે ઉક્ત જિલ્લામાં કુલ કેટલી નાણાકીય સહાય ચૂકવવામાં આવી?

----

## સાબરકાંઠા જિલ્લામાં સરકારી કોલેજ

15/8/304 *26 **શ્રી વિનેન્દ્રસિંહ દિલીપસિંહ ઝાલા (હિંમતનગર):**

**ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ :-**

માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં કેટલી સરકારી કોલેજ આવેલ છે, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ વિનયન પ્રવાહની સરકારી કોલેજો કેટલી આવેલી છે?

----

## બનાસકાંઠા જિલ્લામાં કુંવરબાઈનું મામેરું યોજના

15/8/424 *27 **શ્રી કેશાજી શિવાજી ચૌહાણ (દિયોદર):**

**સામાજિક ન્યાય અને અધિકારિતા :-**

માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ બનાસકાંઠા જિલ્લામાં વિકસતી જાતિની કુલ કેટલી કન્યાઓને લાભ આપવામાં આવેલ છે, અને

(૨) તે પેટે ઉક્ત જિલ્લામાં કુલ કેટલી નાણાકીય સહાય ચૂકવવામાં આવી?

----

## ટી.પી. અને નોન ટી.પી. પ્રોજેક્ટમાં કપાત કરવા બાબત

15/8/295 *28 **શ્રી ઇમરાન યુસુફભાઇ ખેડાવાલા (જમાલપુર-ખાડીયા):**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ :-**

માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૨૮-૦૧-૨૦૨૫ની સ્થિતિએ રાજ્યમાં નવા મ્યુનિસિપલ કોર્પોરેશન

વિસ્તારોમાં બાંધકામ પ્રોજેક્ટોમાં ટી.પી. અને નોન ટી.પી. પ્રોજેક્ટમાં કપાત ઓછી કરવાનો જે નિર્ણય ડિસેમ્બર ૨૦૨૫માં કર્યો હતો, તેમાં ફેરફાર કરીને ૪૦ ટકા કપાતનો નિર્ણય જાન્યુઆરી ૨૦૨૬માં કરવામાં આવ્યો છે, તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તેના શા કારણો છે?

----

## નવસારી અને ડાંગ જિલ્લામાં જર્જરિત પ્રાથમિક શાળાઓ

15/8/241 *29 **શ્રી અનંતકુમાર હસમુખભાઇ પટેલ (વાંસદા):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ નવસારી અને ડાંગ જિલ્લામાં તાલુકાવાર કેટલી પ્રાથમિક શાળાઓ જર્જરિત હાલતમાં છે,

(૨) ઉક્ત જર્જરિત પ્રાથમિક શાળાઓમાં કેટલા બાળકો અભ્યાસ કરે છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી શાળાઓની મરામત અને કેટલી શાળાઓ નવી બનાવવાની કામગીરી કરવામાં આવી?

----

## રાજકોટ જિલ્લામાં કુંવરબાઈનું મામેરું યોજના

15/8/478 *30 **શ્રી રમેશભાઇ વીરજીભાઇ ટીલાળા (રાજકોટ દક્ષિણ):**

**સામાજિક ન્યાય અને અધિકારિતા :-**

માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ રાજકોટ જિલ્લામાં વિકસતી જાતિની કુલ કેટલી કન્યાઓને લાભ આપવામાં આવેલ છે, અને

(૨) તે પેટે ઉક્ત જિલ્લામાં કુલ કેટલી નાણાકીય સહાય ચૂકવવામાં આવી?

----

## શિક્ષકોને શિક્ષણ સિવાયની કામગીરી આપવા બાબત

15/8/128 *31 **ડૉ. કીરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ રાજ્યમાં શિક્ષકોને શિક્ષણ સિવાયની વધારાની કામગીરીઓ આપવામાં આવે છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેનાથી વિદ્યાર્થીઓના અભ્યાસમાં અગવડતાઓ પડતી હોવાની ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ફરિયાદો મળી, અને

(૩) ઉક્ત મળેલ ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરી?

----

## સુરત જિલ્લામાં પેન્શનરોનું મેડિકલ રિએમ્બર્સમેંટ

15/8/197 *32 **શ્રી મનુભાઇ એમ. પટેલ (ઉધના):**

**નાણા :-**

માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ સુરત જિલ્લામાં કેટલા પેન્શનરો મેડિકલ રિએમ્બર્સમેંટ મેળવે છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ મેડિકલ રિએમ્બર્સમેંટ પેટે છેલ્લા બે વર્ષમાં કેટલી રકમની ચૂકવણી કરવામાં આવી છે?

----

## ગીર સોમનાથ જિલ્લામાં કુંવરબાઈનું મામેરું યોજના

15/8/422 *33 **શ્રી ભગાભાઇ ધાનાભાઇ બારડ (તાલાલા):**

**સામાજિક ન્યાય અને અધિકારિતા :-**

માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ ગીર સોમનાથ જિલ્લામાં વિકસતી જાતિની કુલ કેટલી કન્યાઓને લાભ આપવામાં આવેલ છે, અને

(૨) તે પેટે ઉક્ત જિલ્લામાં કુલ કેટલી નાણાકીય સહાય ચૂકવવામાં આવી?

----

## ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં તળાવો વિકસાવવા બાબત

15/8/256 *34 **શ્રી અલ્પેશ ખોડાજી ઠાકોર (ગાંધીનગર (દક્ષિણ)):**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ :-**

માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં અમૃત ૨.૦ મિશન અંતર્ગત વિકસાવવામાં આવનાર તળાવોના કામ કયા તબક્કે છે,

(૨) ઉક્ત તળાવોના વિકાસ માટે કુલ કેટલી રકમની જોગવાઈ કરવામાં આવેલ છે,

(૩) ઉક્ત કામ હેઠળ ઉક્ત સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવેલ છે, અને

(૪) ખર્ચ કરેલ કુલ રકમ પૈકી કેન્દ્ર અને રાજ્ય સરકારનો હિસ્સો અનુક્રમે કેટલો છે?

----

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ કેમ્પસમાં મંજૂરી વગર બાંધકામ

15/8/324 *35 **શ્રી હેમંતભાઇ હરદાસભાઇ આહિર (જામજોધપુર):**

**ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ :-**

માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ મહાનગરપાલિકામાં અને રૂડા (RUDA)માં પ્લાન મંજુર કરાવ્યા વગર સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ કેમ્પસમાં બાંધકામ થઇ રહ્યાની કેટલી ફરિયાદો સરકારને મળી, અને

(૨) ઉક્ત ફરિયાદો અન્વયે પ્લાન મંજુર કરાવ્યા વગર બાંધકામ કરેલ હોય તો જવાબદારો સામે શી કાર્યવાહી કરવામાં આવી છે?

----

## ગોંડલ નગરપાલિકા હસ્તકના રેલવે ઓવરબ્રીજ/અંડરપાસની કામગીરી

15/8/259 *36 **શ્રીમતી ગીતાબા જયરાજસિંહ જાડેજા (ગોંડલ):**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ :-**

માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ ગોંડલ નગરપાલિકા હસ્તકના રેલવે લેવલ ક્રોસીંગના સ્થળે રેલવે ઓવરબ્રીજ/અંડરપાસની કામગીરી મંજૂર કરવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો આ કામગીરી ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે,

(૩) આ કામગીરી પાછળ કેટલો ખર્ચ થનાર છે, અને

(૪) આ કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

----

## અમદાવાદ શહેરમાં મંજૂર કરવામાં આવેલ ઈસ્ટર્ન ટ્રંક

15/8/255 *37 **શ્રી અમુલ ભટ્ટ (મણીનગર):**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ :-**

માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ અમૃત ૨.૦ યોજના હેઠળ અમદાવાદ શહેરમાં મંજૂર કરવામાં આવેલ ભૂગર્ભ ગટરના પાણીના નિકાલ અર્થે ઈસ્ટર્ન ટ્રંક લાઈનનું કામ કયા તબક્કે છે,

(૨) ઉક્ત કામમાં કયા કયા ઘટકોનો સમાવેશ કરવામાં આવેલ છે,

(૩) ઉક્ત કામ હેઠળ ઉક્ત સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવેલ છે, અને

(૪) ખર્ચ કરેલ કુલ રકમ પૈકી કેન્દ્ર અને રાજ્ય સરકારનો હિસ્સો અનુક્રમે કેટલો છે?

----

## વડોદરા જિલ્લામાં ખેત વીજ જોડાણ ધરાવતા ગ્રાહકો પાસેથી વીજ કર લેવા બાબત

15/8/199 *38 **શ્રી ચૈતન્યસિંહ પ્રતાપસિંહ ઝાલા (પાદરા):**

**નાણા :-**

માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં ખેત વીજ જોડાણ ધરાવતા ગ્રાહકો પાસેથી કેટલા દરે વીજ કર લેવામાં આવે છે, અને

(૨) આ વીજ કર દરમાં રાહત આપવામાં આવે છે કે કેમ?

----

## બોટાદ જિલ્લામાં સાયન્સ, કોમર્સ અને આર્ટસની સરકારી કોલેજ બનાવવાની કામગીરી

15/8/163 *39 **શ્રી ઉમેશભાઇ નારણભાઇ મકવાણા (બોટાદ):**

**ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ :-**

માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

તા ૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ બોટાદ જિલ્લામાં સાયન્સ, કોમર્સ અને આર્ટસની સરકારી કોલેજ બનાવવાની કામગીરી કયા તબક્કે છે?

----

## વલસાડ જિલ્લામાં વન નેશન વન રેશનકાર્ડ યોજના

15/8/87 *40 **શ્રી અરવિંદ છોટુભાઇ પટેલ (ધરમપુર):**

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતો :-**

માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતોના મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

તા. ૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩ હેઠળ ONORC (વન નેશન વન રેશનકાર્ડ) યોજનામાં વલસાડ જિલ્લામાં કેટલા લાભાર્થીઓએ લાભ મેળવેલ છે?

----

## રાજ્ય સરકારનું દેવું

15/8/339 *41 **શ્રી શૈલેષ મનુભાઇ પરમાર (દાણીલીમડા):**

**નાણા :-**

માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ અને ૨૦૨૪-૨૫માં રાજ્ય સરકારનું વર્ષવાર કુલ કેટલું દેવું છે, અને

(૨) આ પૈકી વર્ષવાર દેવાની કુલ રકમ પૈકી કેટલી રકમ મુદ્દલ પેટે અને કેટલી રકમ વ્યાજ પેટે ચૂકવેલ છે?

----

## ટાઉન પ્લાનિંગ સ્કીમ હેઠળ સમાવિષ્ટ જમીનના સુધારેલા ક્ષેત્રફળ પ્રમાણે રેવન્યુ રેકર્ડને અદ્યતન કરવા બાબત

15/8/222 *42 **શ્રી ગોપાલભાઈ ગોરધનભાઈ ઇટાલીયા (વિસાવદર):**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ :-**

માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ નિયમ, 1979 નાં નિયમ-32 મુજબ ટાઉન પ્લાનિંગ સ્કીમ હેઠળ સમાવિષ્ટ જમીનના સુધારેલા ક્ષેત્રફળ મુજબ રેવન્યુ રેકર્ડને અદ્યતન કરવાની સત્તા DILR ને આપેલી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ અને રાજકોટ શહેર/જિલ્લામાં કઈ કઈ ટીપી સ્કીમ જમીનનાં સુધારેલા ક્ષેત્રફળ મુજબ રેવન્યુ રેકોર્ડ અદ્યતન કરેલ છે, અને

(૩) ઉક્ત શહેર/જિલ્લામાં જાહેર કરાયેલ ટીપી સ્કીમ પૈકી કઈ કઈ ટીપી સ્કીમના જમીન ક્ષેત્રફળ માપણી બાકી છે અને તે બાકી રહેવાના કારણો શા છે?

----

**નલિયા કોલેજની બિલ્ડીંગ બનાવવા બાબત**

15/8/14 *43 **શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા):**

**ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ :-**

માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અબડાસા તાલુકાના નલિયા ખાતે કોલેજની બિલ્ડીંગ બનાવવા માટે કોઈ માંગણી આવેલ છે કે કેમ,અને

(૨)જો હા, તો કોલેજની બિલ્ડીંગ બનાવવા માટેની મંજૂરી કયા તબક્કે છે?

----

**પ્રભાસ પાટણમાં ભૂગર્ભ ગટર નાખવાની મંજૂરી**

15/8/352 *44 **શ્રી વિમલભાઇ કાનાભાઇ ચુડાસમા (સોમનાથ):**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ :-**

માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગીર સોમનાથ જિલ્લાના પ્રભાસ પાટણ શહેરમાં ભૂગર્ભ ગટર નાખવાની મંજૂરી ક્યારે આપવામાં આવી,

(૨) ઉક્ત મંજૂરી અન્વયે કેટલી રકમ ફાળવવામાં આવી,

(૩) ઉક્ત સ્થિતિએ ભૂગર્ભ ગટર નાખવાની કામગીરી કયા તબક્કે છે, અને

(૪) ઉક્ત કાર્યવાહી કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે?

----

**નર્મદા અને ભરૂચ જિલ્લામાં સરકારી અનાજ સગેવગે કરવાની ફરીયાદો**

15/8/25 *45 **શ્રી ચૈતરભાઇ દામજીભાઇ વસાવા (દેડીયાપાડા):**

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતો :-**

માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતોના મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા અને ભરૂચ જિલ્લામાં સરકારી અનાજ સગેવગે થયા હોવા અંગે ફરીયાદો મળેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા,તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ફરિયાદો મળી, અને

(૩) ઉક્ત બાબતે કેટલા કસૂરવારો સામે કયા પ્રકારની કાર્યવાહી કરવામાં આવી છે?

----

**બનાસકાંઠા જિલ્લામાં પ્રાથમિક શાળાઓ**

15/8/105 *46 **શ્રી અમૃતજી મોતીજી ઠાકોર (કાંકરેજ):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલી પ્રાથમિક શાળાઓ આવેલી છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી નવી પ્રાથમિક શાળાઓ બનાવવામાં આવી, અને

(૩) કેટલી પ્રાથમિક શાળાઓની કુલ કેટલા ખર્ચે મરામત કરવામાં આવી?

----

**છોટાઉદેપુર નગરપાલિકા વિસ્તારમાં ગામોનો સમાવેશ કરવા બાબત**

15/8/153 *47 **શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર):**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ :-**

માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર નગરપાલિકા વિસ્તારની આસપાસ આવેલા ગામોને નગરપાલિકામાં સમાવેશ કરવાની માંગણી ક્યારે મળી, અને

(૨) ઉક્ત સ્થિતિએ કયા કયા ગામોનો સમાવેશ કરવાનું આયોજન છે તેમજ આ કામગીરી ઉક્ત સ્થિતિએ કયા તબક્કામાં છે?

----

**રાઈટ ટુ એજ્યુકેશન અંતર્ગત સવારની પાળીમાં પ્રવેશ ન આપવા બાબત**

15/8/296 *48 **શ્રી ઇમરાન યુસુફભાઇ ખેડાવાલા (જમાલપુર-ખાડીયા):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૨૦-૦૧-૨૦૨૬ની સ્થિતિએ અમદાવાદ શહેર અને જિલ્લામાં રાઈટ ટુ એજ્યુકેશન અંતર્ગત પ્રવેશ મેળવતા બાળકોને જે ખાનગી શાળાઓમાં બે પાળી ચાલતી હોય ત્યાં સવારની પાળીમાં પ્રવેશ આપવામાં આવતો નથી,તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉપર મુજબની કેટલી ફરિયાદો મળેલ છે, અને

(૩) આવી ભેદભાવવાળી નિતી અપનાવતી કઈ કઈ શાળાઓ સામે સરકારે ક્યારે શું પગલા લીધા?

----

## રાજ્ય સરકારનું દેવું

15/8/409 *49 **શ્રી અનંતકુમાર હસમુખભાઇ પટેલ (વાંસદા):**

**નાણા :-**

માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ અને ૨૦૨૪-૨૫માં રાજ્ય સરકારનું વર્ષવાર કુલ કેટલું દેવું છે, અને

(૨) આ પૈકી વર્ષવાર દેવાની કુલ રકમ પૈકી કેટલી રકમ મુદ્દલ પેટે અને કેટલી રકમ વ્યાજ પેટે ચૂકવેલ છે?

----

## શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા ખરાબ ગુણવત્તાવાળા પાઠ્યપુસ્તકો છાપવા અંગે ફરિયાદ

15/8/129 *50 **ડૉ. કીરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા પાઠ્યપુસ્તકો છાપવા માટે કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો,

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર ઉક્ત પાઠ્યપુસ્તકો છાપવાના કામમાં વિલંબ અથવા ખરાબ ગુણવત્તા હોવાની કેટલી ફરિયાદો સરકારને મળી, અને

(૩) તે અન્વયે જવાબદારો સામે શી કાર્યવાહી કરવામાં આવી?

----

## રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ-૨૦૦૯ અન્વયે અભ્યાસ કરતા બાળકોને પ્રધાનમંત્રી પોષણ શક્તિ નિર્માણ યોજનાનો લાભ ન મળવા બાબત

15/8/328 *51 **શ્રી હેમંતભાઇ હરદાસભાઇ આહિર (જામજોધપુર):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ-૨૦૦૯ અન્વયે પ્રવેશ મેળવેલા રાજ્યની ખાનગી શાળામાં અભ્યાસ કરતા બાળકોને પ્રધાનમંત્રી પોષણ શક્તિ નિર્માણ યોજનાનો લાભ મળતો નથી તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તેના શા કારણો છે?

----

## અમદાવાદ શહેર અને સુરત શહેરમાં એપીએલ-૧, એપીએલ-૨, બીપીએલ અને એએવાયના કાર્ડ ધારકોની સંખ્યા

15/8/340 *52 **શ્રી શૈલેષ મનુભાઇ પરમાર (દાણીલીમડા):**

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતો :-**

માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતોના મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ અમદાવાદ શહેર અને સુરત શહેરમાં એપીએલ-૧, એપીએલ-૨, બીપીએલ અને એએવાય કાર્ડ ધારકોના પરિવારોની સંખ્યા કેટલી છે, અને

(૨) વર્ષ ૨૦૨૪ અને ૨૦૨૫માં ઉક્ત શહેરોમાં બીપીએલ અને એએવાય પરિવારોની સંખ્યામાં કેટલી વધ-ઘટ થઈ?

----

## જૂનાગઢ જિલ્લામાં લોકલ ફંડ ઓડીટ

15/8/223 *53 **શ્રી ગોપાલભાઈ ગોરધનભાઈ ઇટાલીયા (વિસાવદર):**

**નાણા :-**

માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં ગ્રામ,તાલુકા અને જિલ્લા પંચાયત તેમજ નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાના ક્યા વર્ષ સુધીના ઓડિટ લોકલ ફંડ નિયામકની કચેરી દ્વારા થયેલ છે અને ક્યા વર્ષના બાકી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઓડીટ સમયસર ન થવાના શા કારણો છે?

----

## કચ્છ જિલ્લામાં રાઈટ ટુ એજ્યુકેશન હેઠળ મળેલ અરજીઓ

15/8/16 *54 **શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લાના નખત્રાણા, અબડાસા અને લખપત તાલુકાઓમાં રાઈટ ટુ એજ્યુકેશન હેઠળ કેટલી અરજીઓ આવી,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલા વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો ?

----

## છોટાઉદેપુર જિલ્લામાં પ્રાથમિક શાળાઓના જર્જરિત ઓરડાઓ નવા બનાવવા બાબત

15/8/154 *55 **શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટા ઉદેપુર જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક શાળાઓના કેટલા જર્જરિત ઓરડાઓ તોડીને નવા ઓરડાઓ બનાવવાની મંજૂરી આપવામાં આવી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત મંજૂર નવા ઓરડાઓ બનાવવાની કામગીરી કયા તબક્કે છે ?

----

## જમાલપુર નાગરિક પુરવઠાની ઝોનલ કચેરી અન્ય સ્થળે ખસેડવા બાબત

15/8/297 *56 **શ્રી ઇમરાન યુસુફભાઇ ખેડાવાલા (જમાલપુર-ખાડીયા):**

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતો :-**

માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતોના મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ અમદાવાદ ખાતે એ.પી.એમ.સી. માર્કેટ ખાતે આવેલી નાગરિક પુરવઠાની જમાલપુર ઝોનલ કચેરી અન્ય સ્થળે ખસેડવા છેલ્લા બે વર્ષમાં કેટલી રજૂઆતો મળી, અને

(૨) ઉક્ત બાબતે શી કાર્યવાહી કરવામાં આવેલ છે?

----

## નવસારી અને વલસાડ શહેર/જિલ્લામાં બીપીએલ અને એએવાય કાર્ડધારકોની સંખ્યા

15/8/407 *57 **શ્રી અનંતકુમાર હસમુખભાઇ પટેલ (વાંસદા):**

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતો :-**

માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતોના મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ નવસારી અને વલસાડ શહેર/જિલ્લામાં એપીએલ-૧, એપીએલ-૨, બીપીએલ અને એએવાય કાર્ડધારક પરિવારોની સંખ્યા કેટલી છે, અને

(૨) વર્ષ ૨૦૨૪ અને ૨૦૨૫માં ઉક્ત શહેર/જિલ્લામાં બીપીએલ અને એએવાય પરિવારોની સંખ્યામાં કેટલી વધ-ઘટ થઈ?

----

## ઉપ કુલપતિ લઘુત્તમ લાયકાત ધરાવતા ન હોવાની ફરિયાદો

15/8/343 *58 **શ્રી હેમંતભાઇ હરદાસભાઇ આહિર (જામજોધપુર):**

**ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ :-**

માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ડો.બાબાસાહેબ આંબેડકર યુનિવર્સીટીમાં કાર્યરત ઉપ કુલપતિ લઘુત્તમ લાયકાત ધરાવતા ન હોવાની કેટલી ફરિયાદો સરકારને મળી છે, અને

(૨) ઉક્ત લઘુત્તમ લાયકાત ન ધરાવનાર ઉપ કુલપતિ સામે હોદ્દા પરથી દૂર કરવા શી કાર્યવાહી કરવામાં આવી?

----

## આભડછેટ માટે સેપ્ટનો અહેવાલ

15/8/342 *59 **શ્રી શૈલેષ મનુભાઇ પરમાર (દાણીલીમડા):**

**સામાજિક ન્યાય અને અધિકારિતા :-**

માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) આભડછેટ માટે સેપ્ટનો અહેવાલ તા.૧૭-૦૪-૨૦૧૩ના રોજ સરકારને મળેલ છે, તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત અહેવાલ કેટલા સમયથી સરકારની વિચારણા હેઠળ છે?

----